

**દાઉદની સંપત્તિની તપાસ કરવા આદેશ** Page-6


સુવિચાર : નિંદા સ્તુતિ નવ ગુણો, હૈડે રાખી હામ, સર્વેનું શુભ ચાહીને કર તું તારું કામ - અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૨ | ૨૨ મે, ૨૦૧૫, શુક્રવાર ; જેઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે જનકલ્યાણના વિક્રમી કામોનું ખાતમૂર્હુત

## આજે આનંદીબેનના શાસનની પ્રથમ વર્ષગાંઠ : અરવલ્લીમાં ૫૧૭ કરોડની પાણી પુરવઠા યોજનાનું ભૂમિપૂજન અને કલોલમાં ૯૮ કરોડની ઝૂંપડપટ્ટીના પુનઃવસન યોજનાનું ખાતમૂર્હુત



ગાંધીનગર, તા.૨૧ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શાસનનું નેતૃત્વ સંભાળવાની પ્રથમ વર્ષગાંઠે આવતીકાલ શુક્રવાર ૨૨મી મેએ રાજયના ચાર જિલ્લાઓમાં ૬૭૦ કરોડની પાણી પુરવઠા યોજનાઓની ભેટ નાગરિકો - ગ્રામીણ સમાજને ચરણે ધરશે.

શ્રીમતી આનંદીબહેન રાજયના નગરોને ઝુંપડપટ્ટી મુકત બનાવવાના નિર્ધાર સાથે મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે વિવિધ જિલ્લાઓમાં સમગ્રતયા ૨૧,૨૧૨ આવાસોના ભૂમિ પૂજન અને કોમ્પ્યુટરાઈઝડ ડ્રોની ભેટ પણ શહેરી ગરીબોને આપવાના છે.

મુખ્યમંત્રીશ્રી આદિજાતિ અરવલ્લી જિલ્લાના પાંચ તાલુકા મેઘરજ, માલપુર, બાયડ, ધનસુરા અને મોડાસાના ૫૦૧ ગામો અને ૩ શહેરોની ૨.૨૫ લાખ જનસંખ્યાને લાભ આપતી ૫૧૭ કરોડના ખર્ચે સાકાર થનારી વાત્રક અને માઝુમ જળાશય આધારિત પાણી પુરવઠા યોજનાનો શીલાન્યાસ મેઘરજમાં શુક્રવારે સવારે ૧૦-૦૦ વાગે કરશે.

તે સાથે જ રાજય મંત્રી મંડળના અન્ય મંત્રીશ્રીઓ અન્ય ત્રણ જિલ્લાઓ ખેડા, જૂનાગઢ અને વલસાડમાં પાણી પુરવઠા યોજનાઓના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવાના છે. સમગ્રતયા રાજયના ૫૭૮ ગામો ૩-શહેરોને ૬૬૯ કરોડની પાણી પુરવઠા યોજનાઓના કામો રાજય સરકારના પ્રથમ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અવસરે આવતીકાલે મળશે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ગાંધીનગર જિલ્લાના કલોલમાં શુક્રવારે સાંજે મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે ઝુંપડપટ્ટી પુનઃવસન અંતર્ગત ૨,૪૨૧ પરિવારોને માળખાકીય સુવિધા યુકત પાકા આવાસો રૂ. ૯૮ કરોડના ખર્ચે પુરા પાડનારી યોજનાનું ખાતમુહૂર્ત સંપન્ન કરશે.

ગુજરાતભરમાં વિવિધ ૧૪ નગરો-મહાનગરોમાં ૨૧૨૧૨ આવાસોના ભૂમિપૂજન અને કોમ્પ્યુટરાઈઝડ ડ્રો રાજય મંત્રી મંડળના મંત્રીશ્રીઓ કરશે અને સ્લમ ફ્રી સીટીનો અભિગમ ચરિતાર્થ કરવાનો પ્રારંભ રાજય સરકારના સફળ એક વર્ષ પૂર્ણ થવા અવસરે કરશે.


**ઊર્જા સભાન આધુનિક નારી બનો**
**સમાજમાં આગવી ઓળખ બનાવો**

ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના સંયુક્ત ઉપક્રમે **તારીખ : ૨૫ મે, ૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૩-૩૦ સુધી, GCERT ઓડિટોરીયમ, GCERT વિદ્યામંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર** ખાતે **મહિલાઓ માટે અર્ધદિવસીય ઊર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યશિબિર**નું આયોજન કરવામાં આવ્યું છે.

ઊર્જાશાણા સમાજના નિર્માણમાં સહભાગી બનવા કાર્યશિબિરમાં જરૂરથી પધારશો. રસ ધરાવતી બહેનોએ **તા. ૨૨/૫/૨૦૧૫** સુધીમાં પોતાના નામની નોંધણી કરાવી દેવાની રહેશે. નામ નોંધણી માટેની ફી રાખવામાં આવેલ નથી. સંખ્યા મર્યાદિત હોવાના કારણે કાર્યશિબિરમાં ભાગ લેવા અગાઉથી નોંધણી કરાવવી જરૂરી છે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધણી ફોન પર અથવા રૂબરૂ કરવામાં આવશે.

**આધુનિક નારી : ઊર્જાસભાન ને શાણી**

GEDA

સંપર્ક : આસીસ્ટન્ટ પ્રોજેક્ટ એક્ઝીક્યુટીવ,
**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી**
ચોથો માળ, બ્લોક નં. ૧૧ અને ૧૨, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન નં. (૧) ૦૭૯-૨૩૨ ૫૭૨૬૬, (૨) ૦૭૯-૨૩૨ ૫૭૨૫૧-૫૩

માહિતી/૩૭૮/૨૦૧૫-૧૬



**પાણી પુરવઠા વિભાગ હસ્તકની અરવલ્લી, જૂનાગઢ, ખેડા અને વલસાડ જિલ્લાની કુલ ૫૭૮ ગામો અને ૩ શહેરો માટેની અંદાજિત કિંમત ₹૭૧૬ કરોડની પાણી પુરવઠા યોજનાના ખાતમુહૂર્ત અને લોકાર્પણવિધિ**

ગુજરાત રાજ્યના
**માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્‌હસ્તે**
પાણી પુરવઠા વિભાગ હસ્તકની
અરવલ્લી જિલ્લા માટેની ₹૫૧૭ કરોડની
વાત્રક અને માઝુમ જળાશય આધારિત
જૂથ પાણી પુરવઠા યોજનાની
**ખાતમુહૂર્તવિધિ**

તારીખ ૨૨-૫-૨૦૧૫ | સમય સવારે ૯.૦૦ કલાકે | સ્થળ મેઘરજ જિલ્લો સાબરકાંઠા







ખેડા જિલ્લા માટેની ₹૩૩ કરોડની
ફાગવેલ જૂથ પાણી પુરવઠા યોજનાની
**ખાતમુહૂર્તવિધિ**
સ્થળ : ફાગવેલ, જિલ્લો ખેડા

ઓઝત ડેમ આધારિત ₹૧૫૦ કરોડની
માંગરોળ જૂથ સુધારણા યોજનાની
**ખાતમુહૂર્તવિધિ**
સ્થળ : માંગરોળ, જિ. જૂનાગઢ

વલસાડ જિલ્લા માટેની ₹૧૬ કરોડની
રાબડા જૂથ પાણી પુરવઠા યોજનાની
**લોકાર્પણવિધિ**
સ્થળ : પારડી-પારનેરા, જિ. વલસાડ

પાણી પુરવઠા વિભાગ
ગુજરાત સરકાર
WASMO